

ટેલિસ્કોપની મદદથી વિદ્યાર્થીઓને અવકાશના રહસ્યોની જાણકારી આપતા આઇ.પી.એસ. સંસ્થાના સી.ઈ.ઓ. અક્ષય મલ્હોત્રા.

# અવકાશના રહસ્યો છાત્રોને સમજાવાયા : પ્રશ્નોત્તરી યોજાઇ

ભુજ, તા. ૧૩ : દર વર્ષે તારીખ ૪થી ૧૦ ઓક્ટોબર એક સપ્તાહ દરમિયાન વિશ્વભરમાં વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે અહીંની ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત કચ્છમિત્ર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સપ્તાહ દરમ્યાન સંસ્થા દ્વારા ભીમરાવનગર પ્રાથમિક શાળા, સૂરજપર પ્રાથમિક કન્યા શાળા, ભારાપર પ્રાથમિક શાળા અને એસ.ઓ.એસ. ચિલ્ડ્રન વિલેજ ભુજોડી વગેરે જગ્યા પર જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને બ્રહ્માંડમાં આપણું મુકામ એ નામનું દસ્તાવેજી પિક્ચર, જુદા જુદા પ્રકારના વિજ્ઞાનના પ્રયોગો જેમાં વિજ્ઞાનની શું વ્યાખ્યા છે- આપણા શરીરમાં સ્નાયુઓ કેવી

## વિશ્વ અંતરિક્ષ સપ્તાહ દરમ્યાન શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

રીતે કામ કરે છે. સ્ત્રી અને પુરુષના અવાજમાં ફરક કેમ હોય છે તે સ્ટ્રો દ્વારા ન્યૂટનના સિદ્ધાંતો, મેગ્નેટિક ટ્રેન કેવી રીતે ચાલે છે પરાવર્તન કેવી રીતે થાય છે તે તેમજ ગ્લોબલ વોર્મિંગ, કલાયમેન્ટ ચેન્જ, તેના વિશે તથા આ સદીનો સૌથી મોટો અને પ્રકાશિત ધૂમકેતુ આઇસન તેના વિશે પણ બતાવવામાં આવ્યું હતું. તે ક્યારે અને ક્યા ક્યા મહિનામાં ક્યા ક્યા ટાઇમે દેખાશે તેની માહિતી પણ આપવામાં આવી હતી. તથા સ્પેસ ટેકનોલોજી, અવકાશના રહસ્યો વિશે જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ વિષયો પર પ્રશ્નોત્તરી પણ કરી હતી, જેના જવાબ અપાયા હતા.

સંસ્થા દ્વારા એસ.ઓ.એસ. ચિલ્ડ્રન વિલેજ ભુજોડી ખાતે આકાશદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને ચંદ્ર તથા શુક્ર ગ્રહના દર્શન કરાવવામાં આવ્યા હતા. માહિતી સંસ્થાના સી.ઇ.ઓ. અક્ષય મલ્હોત્રા દ્વારા આપવામાં આવી હતી. સપ્તાહ દરમ્યાન લગભગ ૨૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અને સામાન્યજનોએ કાર્યક્રમનો લાભ લીધો હતો. વ્યવસ્થા પ્રવીણ મહેશ્વરીએ સંભાળી હતી.

Generated by CamScanner from intsig.com